










ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં આઠમા નોરતે ગુજરાતના રાજયપાલ માનનીય ઓમપ્રકાશ કોહલી, કેન્દ્રીય રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયા, સમદર્શન આશ્રમના પરમ પૂજ્ય ગુરૂમા, ગાંધીનગરના કલેક્ટર એસ.કે. લાંઘા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીએ પત્ની શ્રીમતી વર્ષાબેન ધાનાણી સાથે મોજથી ગરબા ગાયા હતા.

# મહાઅષ્ટમીની રાતે સેકટરોની શેરીઓમાં જગદંબાની ભકિતનો દિવ્ય ઉજાસ પથરાયો

## પવિત્ર આઠમના દિવસે માતાજીના યજ્ઞ અને મહાઆરતીથી નગરમાં અનોખી આધ્યાત્મિક શકિતનો સંચાર થયો : દિવ્ય ઉજાસથી નગર તેજોમય બન્યુ



નવલા નોરતાના પવિત્ર આઠમના દિવસે શહેરમાં શકિતની ભકિતનો રંગ નિખર્યો હતો. નવરાત્રિ દરમિયાન સેકટરોની શેરીઓમાં આદ્યશકિતની આરાધનામાં ભાવિકો તલ્લીન જોવા મળ્યા હતા. મહાઅષ્ટમીના દિવસે સેકટરોમાં ઠેર ઠેર માતાજીના યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે રાત્રિના મહાઆરતી અને મહાપ્રસાદના વિતરણ બાદ રાસ ગરબાની રમઝટ જામી હતી. દિવડાઓની હારમાળા અને રંગોળી તેમજ રોશનીથી સુશોભિત માતાજીના ચાંચર ચોકમાં નવદુર્ગાની અનેરી ભકિતનો ઉજાસ પથરાયો હતો.

નવલી નવરાતના પવિત્ર આઠમના પર્વની શહેરના સેકટરોમાં શાનદાર અને ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સેકટરોમાં માતાજીની મહાઆરતી ઉપરાંત યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત બાળાપુજન અને બટુક પુજનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. આઠમના પર્વ નિમિત્તે સેકટરોના શેરી ગરબામાં દિવડાઓથી સુશાભિત માતાજીના ચાંચર ચોકમાં વિશિષ્ટ શણગાર જોવા મળ્યો હતો. રોશનીની જાકમજોળ વચ્ચે માતાજીના ચાંચર ચોકને રંગોળી, દિપમાળા તેમજ ફુલોના શણગારથી સુશોભિત કરાયુ હતુ. સાંજ ઢળતા જ નવરાત મેદાનમાં દિવ્ય ધુપ દિપ વચ્ચે મહેંકતા વાતાવરણમાં માતાજીની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ ૨૫ હજાર દિવડાઓની આરતી આકર્ષણનુ કેન્દ્ર બની હતી. જયારે સેકટરોમાં યોજાતા શેરી ગરબામાં પણ ભાવિકો ભકિતરસથી રસથી તરબોળ થયા હતા. પવિત્ર મહાઅષ્ટમીને ધ્યાને લઈ શેરી ગરબામાં પુજા આરતી પણ વહેલા શરૂ કરી દેવામાં આવી હતી. જયારે મહાઆરતીના અંતે મહાપ્રસાદનુ વિતરણ પણ કરવામાં આવ્યુ હતુ. સેકટરોમાં નવરાત પર્વ દરમિયાન અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. જયારે સેકટરોની શેરીઓમાં આયોજિત ગરબામાં ચાંચર ચોકને વિશેષ રીતે સુશોભિત કરી ભાવિકોએ અનોખી શ્રધ્ધા ભકિતના દર્શન કરાવ્યા હતા. હવન અને માતાજીની મહાઆરતીની સાથે ચાંચર ચોકમાં દિવડાઓ પ્રજવલિત કરી દિવ્ય ઓજસ પાથરવામાં આવ્યો હતો. જેમાં માતાજીની પ્રતિકૃતિના દર્શન થયા હતા. તો કેટલાક ગરબા સ્થળોએ રોશનીથી સુશોભિત ચોકમાં ભવ્ય રંગોળીનુ પણ નિર્માણ કરાયુ હતુ. માતાજીની આરતી બાદ શેરીઓમાં ગરબાની રમઝટ જામી હતી. સેકટરોના શેરી ગરબામાં નાની બાળાઓનુ પુજન કરાયુ હતુ. જયારે નાની બાળાઓ અને બટુકના પુજનના અંતે ભેટનુ વિતરણ પણ કરાયુ હતુ. આઠમના અંતે આજે નોમ અને દશેરા એક જ દિવસે હોવાથી માતાજીની પુજા અર્ચના સાથે વાહન પુજા પણ કરવામાં આવી હતી. નવા વાહનોની ખરીદી પણ વિશેષ રીતે થઈ હતી.

### સે-૩/સીમાં બાળા- બટુક પુજનનો કાર્યક્રમ યોજાયો

સે-૩ સી કલ્ચરલ સ્કવેરમાં આયોજિત નવરાત્રિ મહોત્સવમાં આઠમ નિમિત્તે માતાજીની આરતી ઉપરાંત બાળા બટુક પુજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સોસાયટીમાં ૪૦ જેટલા બાળકોને ભેટ આપવામાં આવી હતી. જયારે રાત્રિના મહાપ્રસાદનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. માતાજીના ગરબાની રંગત જામી હતી.



લાયન્સ એન્ડ લાયોનેસ કલબ આયોજિત નવરાત્રિ મહોત્સવમાં આઠમની પવિત્ર રાત્રે માતાજીની મહાઆરતી યોજવામાં આવી હતી. માંઈભકતોએ હાથમાં દિવડા લઈને માતાજીની મહાઆરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. માતાજીના ચાંચર ચોકમાં દિવડાઓની હારમાળા વચ્ચે શ્રીયંત્રની અદભુત પ્રતિકૃતિનુ નિર્માણ થયુ હતુ.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

SKY
સૂર્યશક્તિ કિસાન યોજના

હવે, ગુજરાતનો ખેડૂત વીજળી ખરીદવાના બદલે વેચતો થશે

ખેડૂત રાત્રે ઉજાગરાના બદલે દિવસે વીજળી મેળવશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી
ગુજરાતમાં કૃષિક્ષેત્રે જ્યોતિગ્રામ યોજના પછી મહત્ત્વાકાંક્ષી
સૂર્યશક્તિ કિસાન યોજનાનો પ્રારંભ
મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના
વરદ્હસ્તે
૧૧ કે.વી. ફીડર્સનું થશે ખાતમુહૂર્ત

પ્રેરક ઉપસ્થિતિ
શ્રી સૌરભભાઈ પટેલ, ઊર્જામંત્રી
શ્રી ગણપતભાઈ વસાવા, આદિજાતિ વિકાસ મંત્રી
શ્રી ઈશ્વરભાઈ પરમાર, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી
શ્રી પ્રદિપસિંહ જાડેજા, ગૃહ, ઊર્જા, કાયદો, ન્યાયતંત્ર રાજ્યમંત્રી

ખેડૂતો માટેની સ્કાય યોજનાના લાભો
- ખેડૂતોને વીજબીલમાં રાહત મળશે
- ગ્રીડમાં વધારાની વીજળી વેચવાથી ખેડૂતોને મળશે કાયમી આવક
- રોજ ૮ ના બદલે ૧૨ કલાક સુધી વીજળી મળશે
- લોન ભરપાઈ થયા પછી ખેડૂતો થશે સોલર સિસ્ટમના માલિક
- ખેડૂતોના ખેતરમાં આવેલ સોલાર પેનલનો વીમો રાજ્ય સરકાર લેશે
- સોલાર સિસ્ટમની ૭ વર્ષ માટેની ગેરંટી તથા મેન્ટેનન્સ એજન્સી દ્વારા કરવામાં આવશે

તા.૧૯.૧૦.૨૦૧૮, સમય : સવારે ૧૦.૦૦ કલાકે
સ્થળ : બારડોલી સુગર ફેક્ટરી, બાબેન, તા.બારડોલી, જિ.સુરત




સૂર્યશકિત કિસાન યોજના દ્વારા ગુજરાતનો ખેડૂત વધુ સમૃદ્ધ અને સ્વનિર્ભર બનશે -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત